મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૭૨ ટકા
ગાંધીનગર તાપમાન

કડી સર્વ વિશ્વ વિદ્યાલયની ફિઝિયોથેરેપી-નર્સિંગ વાનનું લોકાર્પણ

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફિઝિયોથેરેપી તથા નર્સિંગ કોલેજનું અનોખું નજરાણું : ભારતમાં ફિઝિયોથેરેપી નર્સિંગ સર્વિસ ઓન વ્હિલ્સનો પ્રથમ પ્રયાસ : શહેરના ૭૦ કિમીના ઘેરાવામાં આવતા વૃધ્ધાશ્રમોને નિઃશુલ્ક સેવાઓ અપાશે

વાન કયાં કયાં ફરશે?

ફિઝિયોથેરેપી-નર્સિંગ વાન ગાંધીનગરની આસપાસ ૭૦ કીમીના ઘેરાવામાં પ્રાંતિજ, મહુડી, માણસા, પેથાપુર, નારદીપુર, કલોલ, આંબલી, કાળીગામ, જુના વાડજ, કોબા, વટવા, અડાલજ, ઉવારસદ, મોટેરા, અમદાવાદ-ઈન્કમટેક્ષ, વરસોડા, મોતીપુરા, સોલા, છારડી, ચાણકયપુરી, નારણપુરા સહિતના વૃધ્ધાશ્રમોના આઠસોથી વધુ નોંધાયેલા દર્દીઓ તથા અન્યોને સેવા પુરી પાડશે.

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન સી.એમ.પટેલ કોલેજ ઓફ ફિઝિયોથેરેપી અને નર્સિંગ દ્વારા 'ફિઝિયોથેરેપી એન્ડ નર્સિંગ ઓન વ્હિલ્સ' પ્રોજેકટ અંતર્ગત એક અદ્યતન ફિઝિયોથેરેપી વાન તૈયાર કરવામાં આવી છે. જેનું આજે સવારે નવા સચિવાલયમાં સ્વર્ણિમ સંકુલ ખાતે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના હસ્તે લોકાર્પણ કરાયું હતું. આ પ્રસંગે કેએસવીના ચેરમેન વલ્લભભાઈ પટેલ, રજીસ્ટ્રાર એસ.કે. મંત્રાલા, નર્સિંગ-ફિઝિયોથેરેપીના કેમ્પસ ડાયરેકટર ડૉ. આર.જે. વ્યાસ, ફિઝિયોથેરેપી કોલેજના પ્રિન્સિપાલ ડૉ. કે. વૈદિયનાથન, આસી. પ્રિન્સિપાલ ડૉ. ટીના ચૌહાણ નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલ ફાલ્ગુની મોદી સહિત અધ્યાપક ગણ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે આ પ્રકારની વાન ભારતમાં પ્રથમવાર કાર્યરત થઈ રહી છે.

ફિઝિયોથેરેપી એન્ડ નર્સિંગ ઓન વ્હિલ્સ પ્રોજેકટ અંતર્ગત ગાંધીનગર શહેર તથા તેની આસપાસના ૭૦ કિમીના ઘેરાવામાં આવતા વૃધ્ધાશ્રમોમાં વિના મૂલ્યે ફિઝિયોથેરેપી તથા નર્સિંગની સેવાઓ પુરી પાડવામાં આવશે. આ સાથે આ વાનનો ઉદ્દેશ ફિઝિયોથેરેપી બાબતે જાગૃતિ આણવાનો તથા સમાજમાં ફિઝિયોથેરેપિસ્ટસ તથા નર્સિંસની સંખ્યા વધારી આરોગ્ય વિષયક સેવાઓ સઘન બનાવવા અને ધુમ્રપાન તથા મેદસ્વિતા જેવી સમસ્યાઓ દુર થાય તે માટે શારીરિક પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા સાથે સંશોધનાત્મક તકલીફોનો અભ્યાસ હાથ ધરાશે.

વાન થકી કઈ સેવાઓ મળશે?

ફિઝિયોથેરેપી એન્ડ નર્સિંગ વાનમાં લૉબેક પેઈન, મણકો ખસી જવો કે ગાદી ખસી જવી, ગરદનનો દુઃખાવો, ઘુંટણ અને સાંધાના દુઃખાવા, ફ્રોઝન શોલ્ડર, ઓટિઝમ, હેમિપ્લેઝિયા, કવાડ્રિપ્લેઝિયા, હેમિપેરેસિસ્ટ, હૃદય સંબંધી ફિઝિયો સારવાર જેવી અનેક પ્રકારની સેવાઓ આપી શકાય તેવી વ્યવસ્થા ઉભી કરાઈ છે. આ સાથે નર્સિંગ સેવાઓ પણ વાનમાં ઉપલબ્ધ રહેશે.

નાયબ મુખ્યમંત્રીએ આ વાનને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. તથા સમગ્ર ભારતમાં આ પ્રકારની પ્રથમ વાન હોવાનો ઉલ્લેખ કરતા તેમણે કેએસવીના આ પ્રયાસને બિરદાવ્યો હતો.

વાતવાતમાં

● સે-૬ની સત્યાગ્રહ છવણી ખાતે સવારે સફાઈ કામદારોનો ધરણા કાર્યક્રમ હતો ત્યારે મધ્યાહન ભોજનના કર્મચારીઓ જેમને બપોરના ૩ વાગ્યાની મંજુરી મળી હોવા છતા વહેલા આવી બેસી જતા સફાઈ કર્મચારીઓએ વિરોધ કર્યો હતો. છેવટે મધ્યાહન ભોજનના કર્મચારીઓએ ધરણાં સ્થળેથી હટી જઈ તેમના નિયત સમયે તેમનો કાર્યક્રમ યોજયો હતો.

● ગાંધીનગરની ફિઝિયોથેરેપી તથા નર્સિંગ કોલેજ દ્વારા તૈયાર કરાયેલ ફિઝિયોથેરેપી-નર્સિંગ વાનના લોકાર્પણ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી ખાસ્સા પોણો કલાક જેટલા મોડા આવ્યા હતા. તેમની રાહ જોવામાં કોલેજની વિદ્યાર્થીનીઓ જે મોટી સંખ્યામાં સ્વર્ણિમ સંકુલ ખાતે ઉપસ્થિત હતી તે વાતાવરણમાં ઉકળાટને પગલે ભારે અકળાયી હતી.

સે-૩૦ સર્કલ નજીક ૬ વર્ષના માસુમ બાળકને એસ.ટી. બસે ચગદી નાંખ્યો

ગાંધીનગર, તા.૧૨

અડાલજ નજીક ત્રિમંદિર સામે રહેતું દંપતિ તેમના બે સંતાનોને બાઈક પર બેસાડીને ગઈ સાંજે ગાંધીનગર થઈને પ્રાંતિજ ખાતે બાધા પુરી કરવા જઈ રહ્યું હતું. સે-૩૦ સર્કલથી સાબરમતી પુલ તરફ જતા રસ્તા પર પાછળથી બેફામ ગતિએ આવતી એસ.ટી. બસે જબરદસ્ત ટકકર મારતા બાઈક સવાર દંપતિ અને બંને સંતાનો ઘાયલ થયા હતા. જેમાં ૬ વર્ષના માસુમ બાળકનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. સે-૨૧ પોલીસે બસ ચાલક સામે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે.

અડાલજ ત્રિમંદિર સામે બગ્ગા પેટ્રોલ પંપ પાસે રહેતા ભરતસિંહ શૈતાનસિંહ રાઠોડ ગઈ કાલે તેમની પત્નિ અને એક દીકરો-દીકરી એમ બે સંતાનોને બાઈક પાછળ બેસાડીને પ્રાંતિજ નજીક બળિયાદેવના મંદિરે બાધા પુરી કરવા જઈ રહ્યા હતા. બાઈક લઈને તેઓ સે-૩૦ સર્કલથી ચિલોડા તરફ જઈ રહ્યા હતા ત્યારે સાબરમતી નદીના પુલની પહેલા એક એસ.ટી. બસના ચાલકે પાછળથી તેમના બાઈકને ટકકર મારી હતી. આ અકસ્માતમાં ફંગોળાઈને બાઈક સવાર ચારેય પટકાયા હતા અને ઘાયલ થયા હતા જેમાં ૬ વર્ષના દિકરા વિજયસિંહ રાઠોડનું ચગદાઈ જવાથી કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. સે-૨૧ પોલિસે પિતા ભરતસિંહની ફરિયાદને આધારે જીજે-૧૮-વાય ૪૧૧૩ નંબરની એસ.ટી.બસના ડ્રાઈવર સામે ગુનો દાખલ કરી પોલીસે આરોપીની ધરપકડ માટે ચકો ગતિમાન કર્યા છે.

ગાંધીનગર સિવિલના ડૉકટરોને વડનગર મેડીકલ કોલેજમાં મોકલવા પર તંત્રની રોક

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી દ્વારા રાજયમાં આઠ મેડીકલ કોલેજનું સંચાલન કરવામાં આવે છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માદરેવતન વડનગર ખાતે પણ અતિ આધુનિક હોસ્પિટલ બનાવાઈ છે. તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે આ હોસ્પિટલનું ઉદઘાટન કરાયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વડનગર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના દર્દથી કણસતા દર્દીઓ માટે હોસ્પિટલ ખુલ્લી મુકી છે. પરંતુ આ અદ્યતન હોસ્પિટલમાં ડોકટર્સની ખોટ વર્તાઈ રહી છે. વડનગર હોસ્પિટલ ખાતે ગાંધીનગરથી અઠવાડીયામાં ત્રણ વાર મેડીસીન, ઈએનટી અને પિડીયાટ્રીક વિભાગના ડૉકટર્સ ઓપીડી ચલાવવા માટે જતા હતા જેને પગલે ગાંધીનગરના દર્દીઓને ભારે પરેશાની ભોગવવી પડતી હતી. જેને પગલે તંત્ર દ્વારા ગાંધીનગર સિવિલના ડૉકટર્સને વડનગર ખાતે મોકલવા પર રોક લગાવી દેવાઈ છે.

મેડીકલની મંજુરી માટે હોસ્પિટલના પુરતા બાંધકામની સાથે ડૉકટરોની સ્ટ્રેન્થ અને દર્દીઓની સંખ્યા ખુબ જ જરુરી છે ત્યારે વડનગરની હોસ્પિટલનું તાજેતરમાં વડાપ્રધાનના હસ્તે લોકાર્પણ કરાયું છે. આ હોસ્પિટલમાં પુરતા સ્ટાફની સાથે સાથે ડોકટર્સ પણ જરુરિયાત પ્રમાણે નથી ત્યારે વડનગર ઓ.પી.ડી. ચલાવવા માટે સોલા અને ગાંધીનગરથી ડૉકટરોને અઠવાડીયામાં ત્રણ વાર લઈ જવામાં આવે છે. જેમાં પિડીયાટ્રીક, મેડીસીન અને ઈ.એન.ટી. ડોકટર્સનો સમાવેશ થાય છે. તેમાં પણ નિયમિતતા ન જળવાતા દર્દીઓની સંખ્યામાં ઘટાડો જોવા મળી રહ્યો છે તો કેટલાક ડોકટરને ડેપ્યુટેશન પર મુકાયા છે ત્યારે પાટનગરની મેડીકલ કોલેજના મેડીસીન, ઈએનટી અને બાળરોગના નિષ્ણાંત ડોકટરોને અઠવાડીયામાં ત્રણ વખત વડનગર લઈ જવામાં આવતા હતા. જયાં આ ડોકટર્સ ઓપીડી ચલાવતા હતા જેને પગલે ગાંધીનગર સિવિલમાં આવતા દર્દીઓને સમયસર સરવાર નહી મળતા બુમો ઉઠવા પામી હતી. જેથી અચાનક આરોગ્ય તંત્ર દ્વારા ઉચ્ચ કક્ષાએથી નિર્ણય લઈને ગાંધીનગરથી વડનગર અઠવાડીયામાં ત્રણ વાર જતા ડોકટર્સ પર રોક લગાવી દેવામાં આવી છે.

લાયોનેસ ક્લબ દ્વારા આધુનિક ડિજીટલ શિક્ષણ

લાયોનેસ ક્લબ દ્વારા શાંતાબેન ભલાભાઈ શિશુ વિહાર શાળા કુહા ગામમાં બાળકોને આધુનિક, ઉત્તમ શિક્ષા સરળ રીતે મળે એ હેતુથી લાયોનેસ ભૂતપૂર્વ પ્રમુખ ભાવનાબેન પટેલ અને સ્વર્ગીય શૈલાબેન પટેલ તરફથી બે

એલઈડી ટીવી, શૈક્ષણિક સાધનો આપવામાં આવ્યા. બાળકોને લંચબોક્સ અને વર્ષભર પૌષ્ટિક નાસ્તો મળે એની પણ વ્યવસ્થા કરવામાં આવી. શાળાના પ્રિન્સિપાલ મુકેશભાઈ પટેલે આ સેવાકીય કાર્ય માટે સહકાર આપ્યો હતો. આ કાર્યક્રમમાં લાયોનેસ પ્રમુખ મીનાક્ષીબેન જયસિંઘાની, સેક્રેટરી નીતાબેન રાણા, ઉષાબેન ટાટૂ હાજર રહ્યા હતા.

આઈ લવ માય ગાંધીનગર



શિવાની ઠક્કર
પત્રકાર

ગાંધીનગર ગમે

આ શહેર પોતાની નોકરીયાત વર્ગ માટેના શહેરની ઓળખાણને બદલીને અનેક શિક્ષણવિદ, વૈજ્ઞાનિક, બિલ્ડર, પર્યાવરણ પ્રેમી, ધાર્મિક સંસ્થાઓ, સેવાકીય સંસ્થાઓથી ધબકી રહ્યું છે ને એટલે જ તે ખૂબ ગમે છે.

નગરજનો

ઉચ્ચતમ વિચારસરણી ધરાવતા વિચક્ષણ અને સંવેદનશીલ, પ્રબુદ્ધ, સેવાભાવી વ્યક્તિઓ આ શહેરમાં વસે છે.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે

ગાંધીનગર કલ્ચરલ ફોરમ, લાયન્સ-રોટરી ક્લબ, જી ઈ ક્લબ, ગ્રો ફાઉન્ડેશન, આર્ષ જેવી સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓ મને ખૂબ ગમે છે.

નગરને બહેતર બનાવવા

શહેરને સ્વચ્છ અને સુદૃઢ બનાવવાની આવશ્યકતા મહેસૂસ થઈ રહી છે. અને વધતો જતો ટ્રાફિક ભવિષ્યમાં સમસ્યાઓ સર્જે તે પહેલાં જ તેના પ્રત્યે ધ્યાન આપવાની જરૂરિયાત પણ મહેસૂસ થઈ રહી છે.

નગર માટે હું કરી શકું

શિક્ષણ, રોજગાર અને સ્ત્રી સશક્તિકરણને લગતાં કાર્યો માટે મારી સેવા શહેરને આપવા માટે હું તૈયાર છું.

ટાઉનહોલમાં આગામી શનિવારે એશ્વર્યા રાવલ આરંગેત્રમ્ રજુ કરશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર બ્રહ્મસમાજના અગ્રણી તેમજ હાઈકોર્ટના એડવોકેટ પીનાકીન રાવલની પુત્રી એશ્વર્યા રાવલ દ્વારા આગામી તા. ૧૪ ઓકટોબરના રોજ બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન સે-૧૭ ટાઉનહોલ ખાતે આરંગેત્રમ્ રજુ કરશે. ભારતના વિવિધ પ્રદેશમાં વૈવિધ્યસભર સાંસ્કૃતિક નૃત્યોનું

વિશેષ મહત્વ છે. જયારે દેશના વિવિધ લોકનૃત્યો વિદેશમાં પણ આકર્ષણનુ કેન્દ્ર બન્યા છે. જયારે ભારતના ભરત નાટયમ અને કુચીપુડી નૃત્ય સાથે સંકળાયેલા ગુરુઓ ભરત નાટયમની તાલીમ આપે છે. ગાંધીનગરની એશ્વર્યાએ પણ આ તાલીમ મેળવી છે. જયારે પોતાની આ કળાને આમ નાગરિકો સમક્ષ રજુ કરવા માટે આગામી તા. ૧૪ ઓકટોબરના રોજ આ આરંગેત્રમનો કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં એશ્વર્યા પુષ્પાંજલી ગણેશવંદના સહીત ભરતનાટયમની કૃતિઓ રજુ કરશે. આ પ્રસંગે ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશ એસ. જી. શાહ, જસ્ટીસ એ. જે. શાસ્ત્રી સિનિયર એડવોકેટ યતીન ઓઝા હાજરી આપશે. ગાંધીનગર બ્રહ્મસમાજના સભ્યો ઉપરાંત નગરના અગ્રણીઓ તેમજ નગરજનો પણ મોટી સંખ્યામાં હાજરી આપશે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં રંગોળી દ્વારા દિવાળી પર્વની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૨

દિવાળી પર્વની ઉજવણીના ભાગરૂપે તા. ૧૧-૧૦-૧૭ બુધવારના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

ખાતે ચાલતાં 'તપોવન સંશોધન કેન્દ્ર' અને 'શિશુ પરામર્શન કેન્દ્ર'ના સંયુક્ત ઉપક્રમે 'રંગોળી' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કુલ ૨૭ સગર્ભા બહેનો અને ધાત્રી માતાઓએ બાળક સહિત ભાગ લીધો હતો. રંગોળીના તજજ્ઞ તરીકે કડી સર્વ વિદ્યાલયના નિવૃત્ત ચિત્ર શિક્ષણ સંધ્યાબહેન જોશીએ લાભાર્થીઓને રંગોળી કેવી રીતે બનાવવી? કેવા કલરના સંયોજનથી રંગોળીને વધુ આકર્ષક બનાવી શકાય જેનું ગણેશજીના મુખની આકૃતિ દોરી ચિત્રમાં રંગ પૂરી પ્રત્યક્ષ નિદર્શન કર્યુ હતુ. ત્યારબાદ લાભાર્થીઓ દ્વારા જે વિવિધ રંગોળી બનાવવામાં આવી હતી તે નિહાળવા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના મા. કુલપતિ પ્રો. ડૉ. કે.એસ. લિખિયા સાહેબ, મહાનિયામક દિવ્યાંશુભાઈ દવે, કુલ સચિવ કમલામણી રાવ, નાણાં અને હિસાબી અધિકારી રીતેષભાઈ શાહ, સર્વ અધ્યાપકો તથા શૈક્ષણિક અને બિનશૈક્ષણિક તમામ કર્મચારીઓ આવ્યા હતા. આ કાર્યક્રમમાં લાયોનેસ પ્રમુખ મીનાક્ષીબેન જયસિંઘાની, સેક્રેટરી નીતાબેન રાણા, ઉષાબેન ટાટૂ હાજર રહ્યા હતા.

શહેરના ૬/૭ બસ સ્ટેન્ડ પાસે કારની ટક્કરે બાઈક ચાલકનું મોત

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના ઘ માર્ગ પર આજે બપોરના સુમારે ૬/૭ બસ સ્ટેન્ડ પાસે બાઈક લઈને પસાર થઈ રહેલા ૩૫ વર્ષિય યુવકને કારે ટક્કર મારતા બાઈક ચાલક યુવાન નીચે પટકાયો હતો. યુવાનને શરીરે ગંભીર ઈજા થતા તાત્કાલીક ૧૦૮ બોલાવીને ગાંધીનગર સિવિલ સારવારઅર્થે ખસેડવામાં આવ્યો હતો. જયાં સારવાર દરમિયાન યુવકનું મોત નિપજયું હતું. પરંતુ યુવકના પરિવારજનો અને સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા પર બેઠેલા લોકોએ ૧૦૮ મોડી આવી હોવાથી યુવાનનું મોત નિપજયાનો આક્ષેપ કરીને સિવિલ ખાતે હોબાળો મચાવ્યો હતો.સિવિલમાં હોબાળો થતા તંત્ર પણ દોડતુ થઈ ગયું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર શહેરના ચકાચક માર્ગોપર વાહન ચાલકો બેફામ ગતિએ વાહનો હંકારે છે. રોકેટગતિએ વાહનો દોડાવતા વાહનચાલકો અકસ્માત નોંતરે છે. ત્યારે શહેરના માર્ગો પર ગતિ નિયંત્રણના અભાવે નાના-મોટા અકસ્માતો સર્જાતા રહે છે. ત્યારે શહેરના સેકટર-૪ સી પ્લોટ નં- ૬૩૨-૨ ખાતે ડુંગરશી નારણભાઈ પટેલ ઉ.વ.૩૫ પોતાના પરિવાર સાથે રહે છે. આજે બપોરના સુમારે તેઓ પોતાનું બાઈક લઈને ૬/૭ બસ સ્ટેન્ડ પાસેથી પસાર થઈ રહ્યા હતા.તે સમયે અચાનક જી.જે.૧૮.બી.ડી.-૬૪૩૫ કારના ચાલકે કાર ગફતલ ભરી રીતે હંકારતા બાઈકને ટક્કર વાગતા અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક સવાર યુવકને શરીરે ઈજાઓ પહોંચી હતી. યુવકને તાત્કાલીક ૧૦૮ મારફતે સિવિલ ખાતે લઈ જવામાં આવ્યો હતો. જયાં સારવાર દરમિયાન યુવકનું મોત નિપજયુ હતું. ઉલ્લેખનીય છે કે શહેરનો મુખ્ય માર્ગ અને સત્યાગ્રહ છાવણી ખાતે લોકો ધરણા પર હોવાથી અકસ્માત સર્જાતા જ મોટીસંખ્યામાં લોકો એકત્ર થઈ ગયા હતા. બાઈક ચાલકને સિવિલ ખસેડવા માટે સ્થાનિકોએ ૧૦૮ બોલાવી હતી. પરંતુ ૧૦૮ મોડી આવતા યુવકને યોગ્ય સમયે સારવાર ન મળતા મોત નિપજયુ હોવાનો આક્ષેપ સાથે ટોળાએ હોબાળો મચાવ્યો હતો. કેમ્પસમાં હોબાળો થતા મોટી સંખ્યામાં લોકો એકત્ર થઈ ગયા હતા. જોકે સિવિલના અધિકારીઓ પણ દોડી આવ્યા હતા અને મામલો શાંત કરવા પ્રયાસ કર્યો હતો.

ચિરવિદાય

- સ્વ. જીતેન્દ્રભાઈ નવનીતલાલ દોશી, ઉ.વ. ૬૫
- સ્વ. નારણભાઈ દલપુજી ઠાકોર, ઉ.વ. ૩૫
- સ્વ. સીતાબેન બાબુજી વાઘેલા, ઉ.વ. ૭૬
- સ્વ. ભગવતીબેન હરગોવિંદદાસ મિસ્ત્રી, ઉ.વ. ૭૪
- સ્વ. પ્રજાપતિ જસવંતભાઈ અમૃતભાઈ, ઉ.વ. ૪૭
- સ્વ. પટેલ દિપકભાઈ ફુલજીભાઈ, ઉ.વ. ૧૭
- સ્વ. વાઘેલા સુરેશભાઈ છગાભાઈ, ઉ.વ. ૫૦

ગાંધીનગર ખાતે બ્લાઈન્ડ વોક ઈવેન્ટ યોજાઈ

ગાંધીનગર, તા.૧૨

સાબરમતી સમૃધ્ધિ સેવા સંઘ (આર્ચડાયોસીસ ઓફ ગાંધીનગર), સેકટર-૮, ગાંધીનગર અને ધ પ્રોજેક્ટ વિઝન, બેંગ્લોરના સંયુક્ત ઉપક્રમે આજે વિશ્વ દૃષ્ટિ દિવસની ઉજવણી નિમિત્તે બ્લાઈન્ડ વોક ઈવેન્ટનું આયોજન ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. બ્લાઈન્ડ વોક એસ.ટી.ડેપો, ગાંધીનગરથી સેન્ટ ઝેવિયર્સ સ્કુલ, સેકટર-૮ સુધી યોજાઈ હતી. જેમાં ગાંધીનગરની વિવિધ શાળા – કોલેજ તથા નગરજનો મળી કુલ- ૮૦૦ વ્યક્તિઓ બલાઈન્ડ વોક ઈવેન્ટમાં જોડાયા હતા.

દર વર્ષે વિશ્વમાં ઓકટોબર

મહિનાના બીજા ગુરૂવારે વિશ્વ દૃષ્ટિ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ધ પ્રોજેક્ટ વિઝન બેંગ્લોર દ્વારા તા. ૧૨મી ઓકટોબરે વર્લ્ડ સાઈટ ડેની ઉજવણીના ભાગ રૂપે વિશ્વમાં ભારત, શ્રીલંકા, નેપાળ, ચાઈના અને અમેરિકા દેશોમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ભારત દેશમાં ૨૫૦ શહેરોમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

એસ.ટી.ડેપોથી બ્લાઈન્ડ વોક ઈવેન્ટનું પ્રસ્થાન ચાર અંધ વ્યક્તિઓ દ્વારા કરવામાં આવ્યું હતું. વોકમાં જોડાયેલા તમામ બાળકોએ આંખના ભાગે પટ્ટી બાંધી એક બીજાના ખભા પર હાથ મુકી સમગ્ર વોકને પુરી કરી હતી. આ વોકમાં ગાંધીનગરની સેન્ટ ઝેવિયર્સ સ્કુલ અને માઉન્ટ કાર્મેલ સ્કુલના બાળકો, કલોલની સેંટ ઝેવિયર્સ સ્કુલ તથા ફોંટ એન સુકલ, સી.એમ.પટેલ નર્સિંગ કોલેજ, ગાંધીનગર, મેડિકલ કોલેજનો સ્ટાફ અને નગરજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. રેલી સેન્ટ ઝેવિયર્સ સ્કુલમાં પહોંચ્યા બાદ પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.